ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૪/૨૧–૨૨/ 2655 તારીખ : 0 6 SEP 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી દિનેશભાઈ ચંદુભાઈ,**
**ગામ–પીયાવા,**
**તા.ચોટીલા**
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૭૮૬૨૯ ૫૦૦૯૩**

કેસ નં.૨૪/૨૧–૨૨

**વિષય :** **લાઈટ નું કનેકશન રદ કરવા માટે.**

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૫/૦૭/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૪/૨૧–૨૨/૨૦૨૭ તા.૦૭/૦૭/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૪/૨૧–૨૨/૨૨૮૭ તા.૩૧/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૮/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર,**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચોટીલા.**

P.G.V.C.L. Bhavnagar Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૨૪/૨૧–૨૨</u> ☜

વાદી :– **શ્રી દિનેશભાઈ ચંદુભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૧૮/૦૮/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી દિનેશભાઈ ચંદુભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રીમતી જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી દિનેશભાઈ ચંદુભાઈ, ગામ–પીયાવા, તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર ની લાઈટ નું કનેકશન રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૪/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને અત્રેની કચેરીના પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૪/૨૧–૨૨/૨૦૨૭ તા.૦૭/૦૭/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૮/૦૮/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી દિનેશભાઈ ચંદુભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રીમતી જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાંગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી દિનેશભાઈ ચંદુભાઈ, ગ્રાહક નં–૨૭૮૩૦/૦૦૯૦૦/૭ થી ૧૫ એચ.પી નું ખેતીવાડી વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓ દ્વારા ખેતીવાડી નું ૮ કલાક નું લાઈટ કનેકશન તા.૨૮/૨/૨૦૨૦ ના રોજ રદ કરાવેલ હતું અને તે કનેકશન નું વિજ મીટર તા.૭/૩/૨૦૨૦ ના રોજ લઈ ગયા હતા.

૧.૩ વાદી એ રજૂઆત કરે છે કે, સદર વિજ કનેકશન સ્થળ પર થી ઉતારી ગયા હોવા છતાં, વિજ કચેરી દ્વારા તા.૧૬/૬/૨૦૨૧ ના રોજ રૂ.૬૨૩૬/૩૫ ભરવાના બાકી સબબ ની નોટીસ મોકલાવેલ હતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૧.૧ શ્રી દિનેશભાઈ ચંદુભાઈ, ગ્રાહક નં–૨૭૮૩૦/૦૦૯૦૦/૭ થી તા.૧/૨/૨૦૧૮ થી ૧૫ એચ.પી નું ખેતીવાડી વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ વાદીનું મીટર સ્થળ પરથી તા.૭/૩/૨૦૨૦ ના રોજ ઉતારવામાં આવેલ હતું. પરંતુ, કોરોના માં ઓફીસ સ્ટાફ પૂરતો ન હોવાના કારણે, શરત ચૂક થી સદર વિજ કનેકશન એલ.ટી.બિલીંગ સીસ્ટમ માં પીડીસી કરવાનું રહી ગયેલ હતું. જે બાબત બિલીંગ વિભાગ ને ધ્યાન પર આવતાં, સદર વિજ કનેકશન તા.૧૭/૨/૨૦૨૧ ના રોજ એલ.ટી. બિલીંગ સીસ્ટમ માં પીડીસી કરવામાં આવેલ હતું.

૧.૩ વાદીનું મીટર વિજ કર્મચારી દ્વારા તા.૭/૩/૨૦૨૦ ના રોજ સ્થળ પર થી ઉતારવામાં આવેલ હતું. સદર મીટર લેબમાં તા.૨૮/૪/૨૦૨૦ ના રોજ પરીક્ષણ કરવામાં આવેલ હતું. જેમાં, મીટર ના રીડીંગ ૭૯૩ દશાવેલ છે. અને મીટર ની RTC ફેઈલ હોય, કંપની માં મોકલી આગળની કાર્યવાહી કરવા જણાવેલ છે.

૧.૪ સદર ગ્રાહક નું લેઝર તપાસતાં, વાદીના લેઝર માં ૫૭૨૨ રીડીગ જોવા મળે છે. લેઝર ની નકલ આ સાથે સામેલ છે.

૧.૫ કોવિડ–૧૯ ને કારણે પૂરતો ઓફીસ સ્ટાફ નહી હોવાના લીધે, વાદીના લેઝર માં મીટર સ્થળ પરથી ઉતરી ગયેલ હતું. પરંતુ, ભૂલથી સદર ગ્રાહક ના ખાતામાં રીડીગ નું પંચીંગ થયેલ છે. જેના લીધે ગ્રાહક ના બિલમાં ખોટું પંચીગ થવાથી, રૂા.૬૨૩૬/૩૫ નું બિલ લેઝર માં બાકી રકમ તરીકે આવેલ હતું. જે ભૂલના કારણે, ગ્રાહક ને તેના લેઝર માં જે બાકી રકમ ભરવા માટે નોટીસ આપેલ હતી.

૧.૬ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૩૦/૭/૨૦૨૧ ના રોજ ૨૯૬૪ યુનિટ અને તે મુજબ ની રકમ રૂા.૪૫૭૮/૪૦ જમા આપવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી દિનેશભાઈ ચંદુભાઈ જમોડ, ગામ–પીયાવા, તા.ચોટીલા ૧૫ એચ.પી. નું ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં–૨૭૮૩૦/૦૦૯૦૦/૭ થી ધરાવતા હતા.

૩.૨ વાદીએ તા.૨૮/૨/૨૦૨૦ ના રોજ તેમનું ખેતીવાડી વિજ જોડાણ રદ કરવા માટે પ્રતિવાદી ની ચોટીલા પેટા વિભાગીય કચેરી માં અરજી જમા કરાવેલ. તેથી, પ્રતિવાદીએ તા.૭/૩/૨૦૨૦ ના રોજ વાદી નું વિજ જોડાણ વિજ સ્થાપન પરથી દૂર કરી અને રદ કરેલ.

૩.૩ વાદીનું વિજ સ્થાપન પરનું મીટર તા.૭/૩/૨૦૨૦ ના રોજ દૂર કરતા સમયે મીટર ના રીડીગ અવશ્ય જણાવેલ. તેમજ તા.૨૮/૪/૨૦૨૦ ના રોજ વાદી ના વિજ સ્થાપન પરનું દૂર કરેલ મીટર ને મીટર ટેસ્ટીગ લેબોરેટરી ટેસ્ટ કરતા સમયે, T T ના છેડા આપી રીડીંગ લેતા સમયે, મીટર ના રીડીગ ૭૯૩ માલૂમ પડેલ. તેમજ મીટર ની RTC ફેઈલ માલૂમ પડેલ.

૩.૪ પ્રતિવાદીએ વાદીના બિલીંગ નો લેઝર PRT-145 રજૂ કરેલ છે. તે મુજબ વાદીના વિજ સ્થાપન પર ના મીટર ના તા.૧૫/૨/૨૦૨૦ ના રોજ મીટર ના રીડીગ ૨૭૫૮ નોંધેલ છે. અને તે મુજબ પ્રતિવાદીએ વાદીને ૧૭૫૮ વિજ યુનીટની વપરાશનું વિજ બિલ આપેલ. જેમાંથી વાદીએ તા.૨૮/૨/૨૦૨૦ ના રોજ રૂા.૬૧૦/– ભરેલ અને ૧૦૫૪/૯૦ ની રકમ બાકી જણાય છે.

૩.૫ પ્રતિવાદીએ વાદીનું તા.૭/૩/૨૦૨૦ ના રોજ વિજ જોડાણ રદ કરેલ. ત્યારબાદ,પણ પ્રતિવાદીની ચોટીલા કચેરી એ PRT-145 લેઝર ના રેકર્ડ મુજબ વાદીનું વિજ બિલીંગ એપ્રિલ–૨૧ સુધી ચાલુ રાખેલ છે. તેમજ તેના દ્વી માસીક વિજ બિલ ના રેકર્ડ માં વપરાશ પણ બતાવેલ છે. આથી, સ્પષ્ટ થાય છે કે, વાદીનું વિજ જોડાણ રદ કર્યા બાદ પણ પ્રતિવાદીએ વિજ વપરાશના બિલો વાદીના એકાઉન્ટ માં ઉધારેલ છે. જે તે કારણે, જુન–૨૧ ના રોજ વાદી પાસેથી રૂા.૬૨૩૬/– ની રકમ લેણી નીકળે છે. જે માટે પ્રતિવાદીએ વાદીને નોટીસ આપેલ છે.

૩.૬ તારણ નં–૩.૫ પરથી પ્રતિવાદીએ વાદીના તા.૭/૩/૨૦૨૦ ના પછીના સમયગાળાનું ખોટું બિલીંગ કરેલ છે અને વાદીના ખાતે રૂા.૬૨૩૬/૩૫ ઉધારેલ છે. જે રદ કરવાને પાત્ર છે.

૩.૭ ઉપરોકત રેકર્ડ પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીનું રૂા.૬૨૩૬/૩૫ ઉધારેલ બિલ રદ કરવું અને પ્રતિવાદીએ તા.૭/૩/૨૦૨૦ સુધી ની એટલે કે, વાદીનું વિજ જોડાણ રદ થયા સુધીના સમય ની નિયમ મુજબ બાકી નીકળતી લેણી રકમ નું બિલ આપવું. જે વાદીએ ભરવાપાત્ર છે.

PGVCL Bhavnagar Redressal Forum

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

( — )
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૮/૦૮/૨૦૨૧.

Consumer Redressal Forum * PGVCL Bhavnagar